# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

- ❖ મુખ્યમંત્રીએ ડાંગના બીલીઆંબા ખાતેથી રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો – આજે છોટા ઉદેપુરમાં ઉપસ્થિત રહેશે.
- ❖ NEET પરીક્ષામાં ગેરરીતિ મામલાની તપાસ કરવા C.B.I.ની ટીમ હવે મહીસાગર પહોંચી
- ❖ પ્રધાનમંત્રી માતૃવંદના કે અન્ય સરકારી યોજનાના નામે ખોટા ફોનકૉલથી સાવચેત રહેવા અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે અપીલ કરી.
- ❖ દ્વારકાની S.O.G ટીમે કલ્યાણપુરમાંથી 21 કરોડ રૂપિયાથી વધુ કિંમતનો માદક પદાર્થનો જથ્થો પકડ્યો
- ❖ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજે ભારે વરસાદની આગાહી.

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM- SHALA PRAVESOTSAV

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ડાંગના બીલીઆંબામાંથી રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. શ્રી પટેલે ગામની બાલવાટિકા, આંગણવાડી અને પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં કુલ મળીને 127 જેટલા બાળકોનો શાળા પ્રવેશ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ બીલીઆંબા પ્રાથમિક શાળાના વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમ જ એક વિદ્યાર્થિનીની અભ્યાસપોથી-વર્કબુક તપાસીને સવાલ-જવાબ પણ કર્યા હતા.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, શાળા પ્રવેશોત્સવનો ઉદ્દેશ્ય શાળાઓમાં ભૌતિક સુવિધા-સગવડો વધારવાનો જ નહીં પરંતુ બાળકોના વાલી-SMC અને શિક્ષકો સૌ વડીલ તરીકે બાળકના શિક્ષણ પ્રત્યે વધુ ધ્યાન આપી સામાજિક દાયિત્વ નિભાવે તેવી અપીલ કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીએ શાળાની કમ્પ્યુટર લેબ, વર્ગખંડો, શાળા પરિસરમાં ટપકસિંચાઈથી થયેલા વૃક્ષ ઉછેર સહિતની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રી આજે છોટાઉદેપુર જિલ્લામાં પી.એમ. શ્રી તાલુકા શાળા નંબર એક ખાતે શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થશે.

---------------------------------------------------------------------

- HINDUSTHAN SAMACHAR – PRAVESH.

# NEET CBI SEARCH

NEET પરીક્ષામાં ગેરરીતિ મામલે સીબીઆઇની ટીમ ગોધરા બાદ હવે મહીસાગર પહોંચી છે.. નીટની પરીક્ષા ગોધરા અને થર્મલ સ્કૂલમાં પણ થઇ હતી.. થર્મલમાં આવેલી જય જલારામ ઇન્ટરનેશનલ સ્કૂલમાં CBIની ટીમ તપાસ માટે પહોંચી હતી..

સ્થાનિક પોલીસને સાથે રાખી CBIની તપાસ ટીમે થર્મલ ખાતે આવેલી જય જલારામ ઇન્ટરનેશનલ સ્કૂલમાં તપાસ શરૂ કરી છે. CBIની તપાસમાં અન્ય વિગતો પણ બહાર આવે તેવી શક્યતા છે.. સીબીઆઇની તપાસ ટીમને ગેરરીતીના વધુ પુરાવા પણ આ તપાસ દરમિયાન મળે તેવી સંભાવના છે..

---

-રીપીટ

# Food licence -Rushikesh patel

ભારત સરકારની ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હી દ્વારાફૂડ સેક્ટરમાં ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેશ”ને વધુ પ્રોત્સાહન આપવા માટે અને ખાદ્ય પદાર્થના વેપાર સાથે સંકળાયેલા એકમોને તાત્કાલિક ખાદ્ય પરવાનગી, નોંધણી જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નિર્ણય અંગે માહિતી આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ફૂડ સેક્ટર સાથે જોડાયેલા વેપારીઓની સરળતા માટે ગુજરાત રાજ્ય સહિત ચાર રાજ્યોમાં આ પાઈલોટ પ્રોજેક્ટ અમલમાં આવશે. આ પાઈલોટ પ્રોજેક્ટનો શુભારંભ આવતીકાલે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા દ્વારા દિલ્હી ખાતેથી કરાશે.

તેમણે ઉમેર્યું કે, આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ફૂડ સેક્ટર સાથે જોડાયેલા વેપારીઓએ યોગ્ય દસ્તાવેજો સાથે www.foscos.fssai.gov.in પર ઓનલાઈન અરજી કરી, ફી ચૂકવવાની રહેશે. ફી ચૂકવ્યા પછી GST અને આધાર સાથે વેરિફીકેશન થયા બાદ વેપારીઓને તુરંત જ ફૂડ લાઇસન્સ/રજિસ્ટ્રેશન ઈશ્યુ કરવામાં આવશે. ખોટા દસ્તાવેજો દર્શાવી આ પ્રકારે લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવવાના પ્રયાસો કરતા વેપારીઓને ૧૦ લાખ રૂપિયા સુધીના દંડની કાર્યવાહી કરવામાં આવશે...

---

-રીપીટ

# AMC APPEAL

અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી માતૃવંદના, નમો કે અન્ય સરકારી યોજનાના નામે કોઈ પણ માહિતી ફોન પર માગવામાં નથી આવતી. આથી આવા છેતરપિંડી કરનારા ફોનકોલ પર વિશ્વાસ નહીં રાખવા રાજ્યના આરોગ્ય વિભાગે અપીલ કરી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજના અંતર્ગત સાઈબર ગુનેગારો દ્વારા સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે નાણાકીય છેતરપિંડી કરવાના અનેક કિસ્સા સામે આવતાં શહેરના આરોગ્ય વિભાગે શહેરીજનોને સતર્ક રહેવા અપીલ કરી છે.

શહેરના આરોગ્ય વિભાગે જણાવ્યું કે, કોઈ પણ સરકારી યોજનાનો લાભ આપવાની વાત કરી ગુનેગારો તમારો આધારકાર્ડ નંબર, બેન્ક ખાતા નંબર અને O.T.P. સહિતની વિગત માગતા હોય છે. તો કોઈ પણ અજાણી વ્યક્તિને આમાંથી કોઈ પણ માહિતી શેર કરવી નહીં.

---

- APARNA KHUNT – PRAVESH.

-(નવીન)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DWARKA DRUGS

દ્વારકા જિલ્લાની S.O.G – સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપે કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામના સીમ વિસ્તારમાંથી 21 કરોડ 6 લાખ 75 હજાર રૂપિયાની કિંમતનો માદક પદાર્થનો જથ્થો પકડ્યો છે. S.O.G. અને કલ્યાણપુર પોલીસે મળીને 42 કિલો 135 ગ્રામ વિદેશી માદક પદાર્થના જથ્થા સાથે એક આરોપીની પણ ધરપકડ કરી હતી. આરોપી સામે નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાઈકોટ્રોપિકની વિવિધ કલમ હેઠળ કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

- PTC – DWARKA – PRAVESH.

-(નવીન)

# DWARKA COLLECTOR APPEAL

દ્વારકા જિલ્લા કલેક્ટર જી. ટી. પંડ્યાએ જિલ્લા અને પર્યટકોને દરિયાની નજીક ન જવા અપીલ કરી છે. ભારે વરસાદની આગાહી હોવાથી દરિયામાં કરન્ટના કારણે મોટા મોજાં ઉછળી રહ્યા છે. તેને જોતા કલેક્ટરે ગોમતી ઘાટ કે ભડકેશ્વર બીચ પર સેલ્ફી લેવા કે સ્નાન માટે ન જવા અપીલ કરી છે. અહીં ભારે વરસાદની આગાહીને જોતા તંત્રએ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન દળ- N.D.R.F.ની એક ટુકડી પણ તૈનાત કરી છે.

------------------------------------------------------------------------

- પીટીસી-દ્વારકા-પ્રવેશ અડિએચા-યશ્વી

# BHAVNAGAR NDRF TEAM

હવામાન વિભાગની વરસાદની આગાહીને જોતા ભાવનગરમાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – N.D.R.F.ની એક ટુકડી આવી પહોંચી છે. આ ટુકડી કોઈ પણ આપત્તિજનક સ્થિતિને પહોંચી વળવા સજ્જ છે.

---------------------------------------------------------------------

- PTC- BHAVNAGAR – PRAVESH

-(નવીન)

# RAILWAY

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના યાત્રીઓની માગ અને સુવિધાને ધ્યાને રાખીને જુલાઈ મહિનામાં ચાર ટ્રેનમાં વધારાના કોચ ઉંમેરશે. આ ચાર ટ્રેનમાં અમદાવાદ – M.G.R. ચેન્નઈ સેન્ટ્રલ, અમદાવાદ હમસફર એક્સપ્રેસ, સાબરમતી – દૌલતપુર ચોક સાબરમતી એક્સપ્રસે, સાબરમતી – હરિદ્વાર – સાબરમતી સ્પેશિયલ ટ્રેન અને સાબરમતી પટના સાબરમતી સ્પેશિયલ ટ્રેનમાં વિવિધ શ્રેણી અંતર્ગત વધારાના કોચ જોડવામાં આવશે. આ અંગે વધુ માહિતી માટે પશ્ચિમ રેલવેની વેબસાઈટ પર તપાસ કરવી.

----------------------------------------------------------------------

-અપર્ણા ખૂંટ, સિમ્પલ -(નવીન)

# RAIN DATA

રાજ્યમાં ગઈકાલે અનેક જગ્યાએ વરસાદ વરસ્યો હતો. ગાંધીનગરના રાજ્ય આપાતકાલીન સંચાલન કેન્દ્રએ ગઈકાલે સાંજે ચાર વાગ્યાથી 6 વાગ્યા દરમિયાનના વરસાદના આંકડા મુજબ, સૌથી વધુ અઢી ઈંચ વરસાદ રાજકોટના ગોંડલ અને બનાસકાંઠાના દાંતામાં નોંધાયો. જ્યારે મોરબીના ટંકારા, જુનાગઢના જુનાગઢ તાલુકા અને શહેરમાં, રાજકોટના જેતપુરમાં બે ઈંચ અને જામનગરના કાલાવડમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સિવાયના તમામ જિલ્લાઓમાં એક ઈંચ કરતા ઓછો વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. તેમ જ માછીમારોને દરિયો ન ખેડવા માટે પણ સૂચના આપવામાં આવી છે. આ અંગે હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે....

**(બાઈટ - રામાશ્રેય યાદવ, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક)**

---------------------------------------------------------------------

- SOURCE – **ડેસ્ક, વિધિ મોદી**, APARNA KHUNT – PRAVESH.

-(નવીન)

# KHEDA POLIO RASI

ખેડા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પોલિયો નાબૂદી અભિયાન અંતર્ગત પાંચ વર્ષ સુધીના 3 લાખ 26 હજાર 902 બાળકોનું રસીકરણ થયુ છે. જિલ્લાના કુલ 1 હજાર 190 પોલિયો બૂથ પર કુલ 3 લાખ બે હજાર 731, 19 હજાર 888 બાળકોને ઘેરઘેર તેમ જ 4 હજાર 283 બાળકોને અન્ય સ્થળોએ બે ટીપાં જિંદગીના સંદેશ સાથે પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા.

---

- પીટીસી-ખેડા-હર્ષલ પંડ્યા-યશ્રી

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગામી 30 જૂનના રોજ પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આવતીકાલ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે.

એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

---

-રીપીટ

# JUNAGADH BHARTI MELO

જુનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આવતીકાલે કચેરી ખાતે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં ખાનગી ક્ષેત્રના વિવિધ એકમમાં મેનેજર સહિતની જગ્યા માટે 21થી 35 વર્ષની વયમર્યાદા ધરાવતા સ્નાતક, ધોરણ 10 અને 12 પાસ વગેરે શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર વાંચ્છુકો ઉપસ્થિત રહી શકશે. ભરતી મેળો સવારે 10 વાગ્યે શરૂ થશે. ઉમેદવારો અનુબંધમ પૉર્ટલના માધ્યમથી પણ ભરતી મેળામાં ભાગ લઈ શકશે.

---

- SOURCE – HINDUSTHAN SAMACHAR- PRAVESH -(નવીન)